નિયામક (સ.સુ.)ની કચેરીમાં આઇ.ટી.સેલ માટે ટેકનિકલ આસિસ્ટન્ટની ૧ (એક) તથા ડેટા એન્ટ્રી ઓપરેટરની ૧(એક) મળી કુલ ૨(બે) નવી જગ્યાઓ ભરવા માટે રૂ.૩.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:- મકમ/૧૦૨૦૧૮/૧૧૯૧૩/નબા./છ
સચિવાલય, ગાંધીનગર
તારીખ:-૦૪/૦૬/૨૦૧૮

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૦૮/૦૩/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/નવીબાબત/૧૭-૧૮/૨૭૮

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૨૮/૦૩/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/નવીબાબત/૧૭-૧૮/૪૭૧

(૩) નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા)ની તા.૦૭/૦૪/૨૦૧૮ની નોંધ

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના તા.૨૦/૦૪/૨૦૧૮ના પત્ર ક્રમાંક:- સસુખા/યજન/નવીબાબત/૧૮-૧૯/૦૩

(૫) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર ની તા.૨૨/૦૫/૨૦૧૮ની નોંધ

પ્રસ્તાવના:-

નિયામક, (સ.સુ)ની કચેરીમાં આઇ.ટી.સેલ માટે ટેકનિકલ જગ્યાઓ માટેની નવી બાબતને મળેલ સૈધ્ધાંતિક મંજૂરી અન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૦૮/૦૩/૨૦૧૮ તેમજ વંચાણે લીધેલા ક્રમાંક:- (૨) પરના તા.૨૮/૦૩/૨૦૧૮ના ના પત્રોથી ટેકનિકલ આસિસ્ટન્ટની નવી જગ્યા ભરવા માટે રૂ.૩.૦૦ લાખનો ખર્ચ કરવા અંગે વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ. નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા)ની વંચાણે લીધેલા ક્રમાંક:- (૩) પરની નોંધથી આઇ.ટી.સેલ માટે કુલ-૨ જગાઓની સેવાઓ આઉટસોર્સથી મેળવવા અંગેની જોગવાઇ થયેલ હોય તો સદર બાબતની વર્ષ-

૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં થયેલ નવી બાબતની જોગવાઇ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ ના અંદાજપત્ર પ્રકાશનમાં જરૂરી સૂધારો સુચવતો ઇરેટા રજૂ કરવા વિનંતી કરવામાં આવેલ હતી. તદઅન્વયે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાના વંચાણે લીધેલા ક્રમાંક:- (૪) પરના તા.૨૦/૦૪/૨૦૧૮ પત્રથી સુધારા માટેનુ ઇરેટાનું ફોર્મ ભરી અન્ય વિગતો સાથે ટેકનિકલ આસિસ્ટન્ટની નવી જગ્યા ભરવા માટે રૂ.૩.૦૦ લાખનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદરહુ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક:- (૧) પરના તા.૨૦/૦૪/૨૦૧૮ ના પત્રથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને તેમજ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્ર પ્રકાશનના પાના નં.૭૭ ના અનુક્રમ નં.૧૦માં રૂ.૩.૦૦લાખની જોગવાઇનો સમાવેશ થયેલ હોઇ ઉકત જોગવાઇ ધ્યાને લઇ નિયામકશ્રી (સ.સુ.)ની કચેરીમાં આઇ.ટી.સેલ માટે ટેકનિકલ આસિસ્ટન્ટની ૧ (એક) તથા ડેટા એન્ટ્રી ઓપરેટરની ૧(એક) મળી કુલ ૨(બે) જગ્યાઓની સેવાઓ આઉટસોર્સિંગથી મેળવવા માટે કુલ રૂ.૩.૦૦ લાખ (અંકે રૂપિયા ત્રણ લાખ પુરા)નો ખર્ચ કરવાની નીચેની શરતોને અધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શરતો :-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઇને અધીન અને નાણા વિભાગ દ્વારા વખતો - વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને અધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો-પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદરે ઉધારવાનો રહેશે.

<u>માંગણી નં.૯૨</u>

૨૨૩૫ – સામાજિક સુરક્ષા અને કલ્યાણ

૦૨ – સમાજ કલ્યાણ

૦૦૧ – નિર્દેશ અને વહીવટ

૦૧- એસ.એસ.ડબલ્યુ. - ૦૧ સમાજ સુરક્ષા નિયામકની કચેરી

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૨૨/૦૫/૨૦૧૮ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી.બી.વણઝારા)
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્યસચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (સા.ન્યા) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ/રાજકોટ
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ-૧ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટમાં છ-શાખાના ઠરાવોની યાદીમાં સમાવિષ્ટ કરવાની વિનંતી સાથે.
- સિલેકટ ફાઇલ